

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*'મલાઈ' માટે પેમેન્ટ થતાં નથી સમયસર,*
*ઉંઘતી સરકાર જાગતી નથી સમયસર,*
*કસમયે ગળી ગ્યો ભૂલકાંને, ગેસનો રાક્ષસ*
*હૃદય શૂન્ય વેપારીનો દાવ નો'તો સરકાર*
*(નિર્દયી રીતે જીવનનાં કનેકશન કાપ્યાં)*

### હાઈકુ

*દબાયાં નાક*
*'સરકાર' બદલે*
*આ બાળકોનાં...*

*મારે છે લોચા,*
*રાજકીય આસને -*
*યોગી ની જીભ!!*

*(અહીં તો દર વર્ષે બાળકો મરે છે!*
*ગંદકીથી મર્યા - ગેસથી નહીં!?)*

### ચિંતન

*વિક્ષેપે અપિ ન વિક્ષિપ્તઃ સમાધૌ ન સમાદ્દિમાન્ ।*
*જાડ્યે અપિ ન જડો ધન્યઃ પાંડિત્યે અપિ ન પંડિતઃ ॥*

**ઉપરોક્ત શ્લોક માંડુક્ય ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.**

**ધન્ય પુરુષ, જ્ઞાની, વિક્ષેપમાં પણ વિક્ષિપ્ત નથી, સમાધિમાં પણ સમાધિસ્થ નથી, જડતા હોવા છતાં જડ નથી ને પંડિત્ય હોવા છતાં પંડિત નથી.**

**જ્ઞાની છે તેને જીવનમાં ગમે તેવો વિક્ષેપો આવે, એ કદી વિક્ષિપ્ત થતો નથી, ચિંતિત થતો નથી. સમાધિમાં બેસે તો પણ સમાધિસ્થ થતો નથી. અર્થાત્ યોગસૂત્રોમાં કહ્યા મુજબનો સમાધિસ્થ થતો નથી. પરંતુ અંગ્રેજીમાં જેને એક્સ્ટસી કહે છે તેવો સાક્ષીભાવયુક્ત જ રહે છે. એક્સ્ટસીનો અર્થ છે. લાગણીઓથી પર રહેવું તે! પરમજ્ઞાની ઘણીવાર મૂખ જેવાં, ગાંડા જેવા લાગે પણ ખરેખર તેવા હોતા નથી. કબીર અને સ્વામિરામતીર્થ ને કાશીનાં પંડિતો સ્વીકારવા જ તૈયાર નહોતા. છતાં એમનામાં એ પંડિતો કરતાં વધુ પાંડિત્ય હતું એમ કહી શકાય. પાંડિત્ય અર્થાત્ સાચી આધ્યાત્મિક સમજ.**

### સુવિચાર

- માનવીના દુઃખના બે કારણો છે, સ્વભાવ અને અભાવ - **હેમંત દેસાઈ**
- સંબંધની સમજણ માણસને યુધિષ્ઠિર બનાવે,
  સ્વાર્થભક્તિ માણસને ધૃતરાષ્ટ્ર કે દુર્યોધન બનાવે - **ચંદ્રકાન્ત બક્ષી**
- પરમાત્મા તો આપણી સાથે રહે જ છે,
  એને સાચી રીતે પરમાણવો એ આપણો વ્યવહાર હોવો જોઈએ - **ગુણવંત શાહ**
- ઈશ્વર પ્રાણી માત્રમાં છે, પણ તમારે દુષ્ટની દૂર રહેવું....
  ઈશ્વર વાઘમાં છે, તેથી કરીને તમે વાઘને ભેટવા નહીં દોડો - **રામકૃષ્ણ પરમહંસ**
- આસક્તિ ના હોવી એ અનાસક્તિનો વિચાર ના હોવો એ જ ખરી આસક્તિ - **સુદર્શન**
- ખેતી પછી બીજે નંબરે આવતો અતિ વિસ્તૃત ઉદ્યોગ આપણા જમાનાનો પ્રપંચ છે - **આલ્ફ્રેડ નોબલ**
- આજનું ઔષધ : એક ચણા જેટલી હિંગ ઘી સાથે લેવાથી અજીર્ણ મટે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

'અગ્નિ' મિસાઈલના પ્રથમ પરિક્ષણ વખતે આખા વિશ્વમાં ભારત વિરોધી વાતાવરણ સર્જાયુ હતું. જેમાં મુખ્ય બે વૈજ્ઞાનિકો એપીજે અબ્દુલ કલામ અને સતીશ ધવનને પોતાના ઉપર તથા સહાયક સૌ વૈજ્ઞાનિકો પણ સંપૂર્ણ આત્મવિશ્વાસ અને ભરોસો હતો. મિસાઈલ પ્રક્ષેપણની ઘડીઓ ઘણાઈ રહી હતી. ત્યાં અચાનક કોમ્પ્યુટરે પ્રક્ષેપણ કરવાની 'ના' પાડી. છતાં કોમ્પ્યુટરના સંકેતને અવગણીને કલામે પ્રક્ષેપણ માટે સૂચન કર્યું પણ એ પરિક્ષણ નિષ્ફળ ગયું.

પત્રકારો સામે સવાલોના જવાબો આપવાના હતા. ત્યારે સૌ પત્રકારોએ માઈક કલામ તરફ ધરી સવાલોનો મારો ચલાવ્યો એ વખતે સતીષ ધવને માઈક પોતાના તરફ ખેંચીને કહ્યું, 'આ પ્રોજેક્ટનો ચીફ હું છું માટે નિષ્ફળતા માટે હું જ જવાબદાર છું અને હું આપને વચન આપું છું કે આગામી છ મહિનામાં અગ્નિ મિસાઈલનું સફળ પરિક્ષણ કલામ સાહેબની આગેવાનીમાં કરીને બતાવીશું.' એપીજે અબ્દુલ કલામ અને સતિષ ધવન ફરી કામે લાગ્યા, જૂની ક્ષતિઓ દૂર કરી સફળ પરિક્ષણ કર્યું, ત્યારે ફરી પત્રકારો ધવનને પ્રશ્નો પૂછવા લાગ્યા. ત્યારે માઈક કલામ તરફ આગળ કહીને કહ્યું, 'ડૉ. કલામ તમે પત્રકારોને સંબોધો' ભૂલ થઈ ત્યારે ધનવે જવાબદારી ખુદ સ્વીકારી. પણ સફલતા મળી તો યશ કલામને મળે. આવા વૈજ્ઞાનિકોને શત્શત્ નમન.

# દેશના પૂર્વીય રાજયોમાં પૂરની ઝપેટમાં

તંત્રીસ્થાનેથી...

ગુજરાત રાજયમાં પૂરની માઠી અસરોની યાદ હજુ ભૂંસાઈ નથી ત્યાં ઉત્તર પ્રદેશ, બિહાર અને આસામમાં આવેલાં વિનાશક પૂર સમાચારોમાં ચમકી રહ્યાં છે. ૭૨ કલાક પડેલા ભારે વરસાદે યુપી, બિહાર, આસામની હાલત ખરાબ કરી નાખી છે.

બિહાર-નેપાળ સરહદ પર સતત ભારે વરસાદના કારણે યુપીના એક મોટા હિસ્સામાં પુરની સ્થિતી સર્જાઈ છે. હજારો એકર વિસ્તારમાં પાકને નુકસાન થયું છે. રેલવે ટ્રેક પર પાણી ભરાઈ ગયાં છે. જેના લીધે યુપી-બિહાર વચ્ચે દોડતી આશર ૩૦ ટ્રેનો રદ કરવામાં આવી છે.

સત્તાવાર આંકડા જણાવી રહ્યા છે કે બિહારમાં ૧૨ જિલ્લાની ૮૮૯ ગ્રામ પંચાયતોના ૬૫ લાખ જેટલા લોકોને પૂરની અસર થઈ છે. ૬૦ જેટલા વિસ્તારો પૂરની સીધી ઝપટમાં આવ્યા છે, જ્યારે ૨૪ જેટલા વિસ્તારોને પૂરની હળવી અસર થઈ છે. ૧૨ જિલ્લાઓમાં તો રેલમાર્ગ અને રસ્તાઓ પણ બંધ કરી દેવા પડ્યા છે એવી અસર પૂરના કારણે ઊભી થઈ છે. કાજીરંગા પાર્કમાં તો ત્રણ દશકની સૌથી ખરાબ સ્થિતિ પૂરને કારણે સર્જાઈ છે. અને સૌથી દુખદ સમાચાર એ છે પૂરને કારણે ૭૪થી વધુ લોકોનાં કરૂણ મોત થયાં છે. મુખ્યમંત્રી નીતિશકુમાર છેલ્લા ત્રણ દિવસથી સતત પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ રહ્યા છે અને જ્યાં સડક માર્ગે નથી જઈ શકાય એવા વિસ્તારોનું તેમણે હવાઈ નિરીક્ષણ કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ પૂરની સ્થિતિ બાબતે મુખ્યમંત્રી સાથે વાતચીત કરી છે અને બિહારને જરૂર હોય તે સઘળી સહાય કેન્દ્ર તરફથી મોકલવાની હૈયાધારણ પણ આપી છે.

મહાનંદા અને કનકઈ નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે, જેના કારણે અનેક ગામો તો પાણીમાં ગરકાવ થઈ ગયાં છે. અનેક રસ્તાઓ તૂટી ગયા છે તો ક્યાંક પુલને પણ નુકસાન પહોંચ્યું છે. લોકોને રાહત સામગ્રી પહોંચાડવા માટે વાયુસેનાનાં હૅલિકૉપ્ટર્સ કામે લગાવી દેવામાં આવ્યાં છે. ઍનડીઆરઍફની ૩૭ જેટલી ટીમ કિશનગંજ, મુઝફ્ફરપુર, કટિહાર, પૂર્ણિયા, અરરિયા, દરભંગા અને ચંપારણ જેવા વિસ્તારોમાં કામે લગાવવામાં આવી છે, જ્યાં પૂરની સૌથી વધુ અસરો છે.

આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના અહેવાલ મુજબ ઉત્તર પૂર્વીય રાજ્યના ૨૧ જિલ્લાઓના ૭૮૧થી વધુ ગામમાં સાડા ત્રણ લાખથી વધુ લોકોને અસર થઈ છે. બ્રહ્મપુત્ર નદીના ઉંચાણવાળા વિસ્તારોમાં ભારે વરસાદના કારણે નવેસરથી પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. બ્રહ્મપુત્ર અને તેની સહાયક નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. ૨૦ હજાર હેક્ટર પાક ભૂમિ પુરના પાણીમાં આવી ગઈ છે.

એક વેબસાઈટે એવો દાવો કર્યો છે કે બિહારમાં આવેલા આ ભયાનક પૂર બાબતે પોતાના દ્વારા અગાઉથી ચેતવણી જાહેર કરવામાં આવી હતી, પરંતુ એ ન તો લોકો દ્વારા કે ન તો તંત્ર દ્વારા ધ્યાને લેવાઈ હતી, જે કારણે તબાહીનો દર ઊંચો જોવા મળી રહ્યો છે. અધૂરામાં પૂરું, નેપાળમાં પણ ભારે પૂરની સ્થિતિ છે. અહીં પડેલા ભારે વરસાદનું પાણી વહીને બિહારમાં પૂરની સ્થિતિને વધુ મુશ્કેલ બનાવી રહ્યું છે. અલબત્ત, છેલ્લા ૨૪ કલાકમાં બિહારમાં વરસાદનું જોર ઘટ્યું છે અને આગામી ૨૪થી ૪૮ કલાક દરમિયાન મોટાભાગના વિસ્તારોમાં વરસાદ વિરામ લેશે એવી આગાહી હવામાન વિભાગે કરી છે, જેનાથી તંત્ર રાહતની લાગણી અનુભવી રહ્યું છે પરંતુ લોકોનાં મનમાં ઉચાટ શમ્યો નથી. કારણ કે પૂર પછીની પુનઃસ્થાપનની અને રોગચાળાની સ્થિતિ હજુ વધારે કઠિન હશે એવી ભીતિ લોકોનાં મનમાં જન્મી ચૂકી છે. કેન્દ્ર, રાજ્ય સરકારો ઉપરાંત નાગરિકો માટે પણ આ કસોટીની સ્થિતિ છે.

# ધાતુઓની ભસ્મ



**પહેલું સુખ તે જાતે નર્યા**
**ડૉ. કેદાર ઉપાધ્યાય**

જયારે આયુર્વેદ ની વાત આવે ત્યારે સામાન્યતઃ વિવિધ ઓસડીયા નો જ ખ્યાલ આવે. ઔષધિઓ એટલે વિવિધ વૃક્ષો—વનસ્પતિઓ ના અંગોમાંથી બનાવેલ દ્રવ્યો એમ જ થાય. આપણામાંથી ઘણા લોકોને એ ખ્યાલ નહિ હોય કે આયુર્વેદ એ ફક્ત ઔષધો પુરતું સીમિત નથી. વનસ્પતિ ઉપરાંત બીજા અનેક સ્રોતોમાંથી દવાઓ બનાવવામાં આવે છે. આજે આપણે એક એવા જ સ્રોત વિષે વાત કરવાના છીએ.

આ સ્રોત એટલે ધાતુઓ. આયુર્વેદ ઉપરાંત ઈજીપ્ત અને ચાઈનીઝ સંસ્કૃતીમાં પણ ધાતુઓનું ઔષધો તરીકે વર્ણન છે. પ્રાચીન રોમ, ગ્રીસ, આરબ, પર્શીઆ આદી અનેક દેશોમાં સુવર્ણનો ઔષધ તરીકે ઉપયોગ થતો. આયુર્વેદમાં ચરકસંહિતા અને સુશ્રુતસંહિતામાં ધાતુઓની ભાસ્મોનો ઉલ્લેખ છે. આ ઉપરાંત રસશાસ્ત્ર સબંધિત અનેક આયુર્વેદીય પુસ્તકો-ગ્રંથોમાં ધાતુઓના ઔષધીય ઉપયોગોનું વિષદ વર્ણન છે.

જ્યારે ધાતુઓને ઔષધ તરીકે ઉપયોગ કરવાની વાત આવે ત્યારે કોઈ પણ ધાતુને મૂળ સ્વરૂપે એટલે કે જેવી હોય તેવા જ સ્વરૂપે ઔષધ તરીકે લેવામાં આવતી નથી. સૌ પ્રથમ ધાતુને વિશિષ્ટ પ્રક્રિયા દ્વારા શોધિત કરવામાં આવે છે. ત્યારબાદ આ ધાતુને ભસ્મમાં રૂપાંતરિત કરવામાં આવે છે. આ પ્રક્રિયાને ધાતુનું મારણ કહે છે. વિવિધ ધાતુઓના મારણ માટે અલગ અલગ પ્રકારની વિધિઓ હોય છે. ધાતુનું મારણ થયા બાદ તે ભસ્મ સ્વરૂપમાં રૂપાંતર પામે છે. ત્યારબાદ આ ભસ્મને શુદ્ધ કરવા માટે તેનું અમૃતીકરણ અકરવામાં આવે છે. અમૃતીકરણ થયા બાદ આયુર્વેદમાં વર્ણિત વિવિધ ભસ્મ પરિક્ષાઓ દ્વારા આ ભસ્મની ચકાસણી કરવામાં આવે છે. આ બધી જ પરીક્ષાઓમાથી જે ભસ્મ પસાર થાય તેને જ ચિકિત્સા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. ઉપરોક્ત વિધિ મુજબ સુવર્ણ, ચાંદી, તામ્ર, જસત આદી ધાતુઓ તેમજ પ્રવાલ, શંખ, મુકતા આદી બીન્ધાતું પદાર્થોની ભાસમાં તૈયાર કરવામાં આવે છે.

ભસ્મ પ્રભાવશાળી છે. તે વનસ્પતિ કરતા ઝડપથી પરિણામ આપે છે. તે જુના હઠીલા અને અસાધ્ય ગણાતા રોગોમાં પણ ઉત્તમ પરિણામ આપે છે. મગજને લગતા રોગો, પક્ષાઘાત, આમાવાત, ધાતુ દોષ, માનસિક રોગો, ચેતાતંત્રને લગતા રોગો આદી અનેક રોગોમાં ભસ્મો ચમત્કારિક પરિણામો આપે છે.

ભસ્મો રસાયણ તરીકે કામ કરે છે. સુવર્ણ ભસ્મ શ્રેષ્ઠ રસાયણ તેમજ મનને પોષણ આપનાર છે. નાના બાળકોને પણ સુવર્ણપ્રાશન વડે સુવર્ણ ભસ્મ આપવામાં આવે છે, જેનાથી બાળકની શારીરિક માનસિક ક્ષમતા વધે છે. તેની રોગ પ્રતિકારક ક્ષમતા વધે છે અને બાળક તેજસ્વી બને છે. અભ્રક ભસ્મ અબરખમાંથી તૈયાર કરવામાં આવે છે. તે શ્વાસના રોગોમાં ખૂબ ફાયદાકાર છે. તે ફેફસાને પોષણ આપે છે. મોતી તેમજ ચાંદીની ભસ્મો સ્વભાવે ઠંડી છે. તે પિત્તના રોગોમાં ફાયદાકાર છે.

આ ભસ્મોનું શુદ્ધિકરણ થયેલ હોય અને તે નિયત માત્રામાં લેવામાં આવે તો ખૂબ ફાયદાકારક છે. અશુદ્ધ ભસ્મ અને યોગ્ય માત્રામાં ન લેવાયેલ ભસ્મ શરીરને નુકસાન પણ પહોચાડી શકે છે. આથી ભસ્મોનું કે ભસ્મોના યોગોનું સેવન વૈદ્યકીય માર્ગદર્શન હેઠળ જ કરવું જોઈએ.

-contact@atharvaayu.com

# યશોદા કહે છે : 'શ્રી કૃષ્ણની હું છું માવડી રે'





**મનના ઉમંગો**
**રણછોડ પરમાર**

હજુ બે દિવસ પહેલાં જન્માષ્ટમી ગઈ. હજુ ઘણાના કાનમાં હાથી ઘોડા પાલખી, જય કનૈયાલાલકી ''નો નાદ ગુંજતો હશે. કેટલાયે મંદિરના આંગણામાં વરસાદમાં ધોવાઈ નહીં ગયો હોય તો ગુલાલ પણ છંટાયેલો જોવા મળી શકશે. આવા અવસરે કૃષ્ણની વાત કરવી યોગ્ય લાગે છે. શ્રી કૃષ્ણની સાથે રાધાની વાતો ઘણા બધાએ કરી હશે પણ માતા યશોદાની વાત ભાગ્યે કોઈએ કરી હોય તો કરી હોય. તો પછી આપણે સો એ સો ટકા યશુમતી મૈયાની જ વાત કરીએ તો કેવું રહેશે ? આપને ગમશે ?

માતાના વહાલની વાત કરવા બેસીએ તો આપણા હોઠે તરત યશોદાનું નામ યાદ આવે અને બાળકના તોફાન અને મસ્તીનો ઉલ્લેખ થાય ત્યાં કાનુડાની વાત કરવી પડે. માતા યશોદા અને નંદકુંવર કહાનાના નામ આપણી સંસ્કૃતિમાં એટલી હદે વણાઈ ગયાં છે કે એને એક પળ માટે છૂટા પાડી શકાય તેમ નથી. હવે આ માતપુત્રને સદાકાળ માટે એકબીજાથી જુદા પાડવાનું કામ કોઈ કરે તો શું થાય? કૃષ્ણ તો બ્રહ્મપુરુષ છે, ભગવાન છે, એ તો બીજા કામોમાં એના જીવને પરોવી દે પણ પેલી માતા યશોદાના હૈયાનું શું થાય એની આપણે કદી કલ્પના કરી શકવાના નથી. પણ ગુજરાતી ભાષાના મહાકવિ પ્રેમાનંદે આવી વાત તેમના આખ્યાનમાં બહુ સરસ રીતે ગુંથી લઈ કેટલીયે માતાની આંખમાંથી આંસુ પડાવ્યાં છે. ઉધ્ધવજી જ્યારે એમ કહે છે કે હે યશોદાજી આ કૃષ્ણ તમારો પુત્ર નથી તેના ખરા માતાપિતા તો મથુરામાં રહેતા દેવકી અને વાસુદેવ છે ત્યારે ખરેખર માથે આભ ફાટ્યું કોને કહેવાય એની માતા યશોદાને ખબર પડી હશે. એક ક્ષણમાં સૌથી ઊંચાં ભાગ્ય ધરાવતી સ્ત્રી એકદમ અભાગણી થઈ ગઈ હશે.

જશોદાજી એમ બોલિયાઃ'' તમે સાંભળો, હરિના વીર!
પુત્ર વિના જેમ માવડી ,જેમ પ્રાણ વિહોણાં શરીર!
શું લેઈ જાશે દેવકી, જેણે લીધો મારો પુત્ર!
પરમેશ્વર એને પૂછશે, મારું ઉજાડ્યું ઘરસૂત્ર!

પહેલા વાક્યમાં એ ઉધ્ધવજીને હરિના વીર કહીને સંબોધે છે મતલબ કે કૃષ્ણને હરિ તરીકે સ્વીકારે છે . ચોથી લીટીમાં એ જ યશોદા પોતાના પુત્રને છીનવી લેનારી દેવકીને પરમેશ્વર પૂછશે એવું કહે છે. અહીં પ્રભુ પેલો એના ખોળામાં રમી ગયેલો કાનુડો નહીં પણ કોઈ બીજો જ છે એવું સ્પષ્ટ સમજે છે. પ્રાણ વગરનું શરીર ધરાવતી યશોદા અંતરમાં કેટલી વેદના અનુભવતી હશે તે દર્શાવવા શ્રી પ્રેમાનંદે બીજું પદ આલેખ્યું છે.

માતા જશોદા
માતા જશોદા બોલિયા, ઉધ્ધવ સાંભળો રે,
અમે અજ્ઞાનીનાં મન, કાળો કામળો રે,
તેને ચઢે બીજો રંગ કે, ,પહેલી શ્યામતા રે,
ગુણહીણ ગોવાળિયા લોક. જ્ઞાન નથી પામતા રે,
તમે કહો છો બ્રહ્મ , બ્રહ્માદિક નેતિ નવ કળે રે,
હું કેમ આણું વિશ્વાસ, બાંધ્યો મેં અનુખળે રે,
પોઢાડ્યો પારણામાંહી, કે ગાયુ હાલરું રે , તે સુખ સંભારીને, રોઈ રોઈને મરું રે,
પ્રસવ સમયનો કાળ, સ્ત્રીને દોહ્યલો રે,
ઉદરમાં દશ માસ વહ્યો, મેં વિઠ્ઠલો રે, મુખ પર આવતા કેશ કે આંખડલી મીંચતો રે,
સોને મઢિયો સિંહનો નખ, કે હૈડે હિંચતો રે, કુંડળના પ્રતિબિંબ કે ગોરા ગાલમાં રે,;
ટુકડે પગે ચાલતો, આ પડશાળમાં રે,
જળમાં ભળતો મૂઠ, ચંદ્ર દેખી ચળકતો રે, ઘરમાં દેખી વઢતાં બે માંજાર, કોટે આવી વળગતો રે,
ગોવિંદ બોલે ગૂંગણું, મુખ ભર્યું માટીએ રે;
તે સુખ સંભાળી આજ અમો નવ ફાટીએ રે,
ઘુઘરિયાળી ગોફણી, લળકે નાકે મોતી રે, ઠમકે ઠમકે ચાલતો, હું તવ પૂંઠે જોતી રે,
રોતાં ખૂંચતી ઘુંઘરી,પગની પાનીએ રે,
તમે કહો છો બ્રહ્મ બ્રહ્માદિક,અમો નવ માનીએ રે, ત્રણ ભુવનનો નાથ ચારે કેમ ગાવડી રે?
પ્રેમાનંદ પ્રભુ શ્રી કૃષ્ણની હું છું માવડી રે .

મહાકવિ પ્રેમાનંદ બોલતો હોય ત્યાં મારે કંઈ બોલવાનું રહેતું નથી. એકદમ સાદી અને સરળ ગુજરાતી ભાષા છે. છતાં પ્રેમાનંદે ભાષાને કેવા લાડ લડાવ્યા છે તે જુવો.શ્રી કૃષ્ણની સઘળી બાળલીલા આ આકુળ વ્યાકુળ મા ઓધવજી સામે ચિત્રપટની જેમ ખડી કરી દે છે. છેલ્લે પ્રશ્ન પૂછે છે કે તમારા કહેવા મુજબ કહાનો બ્રહ્મસ્વરુપ છે પણ એ હું કઈ રીતે માનું ? ત્રણ ભુવનનો નાથ કંઈ મારા ઘેર ગાયો ચારવા થોડો આવે ? તમે ગમે તે કહો હું જ કૃષ્ણની માતા છું. તેનું હેત જોઈ ઉધ્ધવજી તો ઠીક સ્વયં ઈશ્વર પણ માતા યશોદાના દાવાનો ઈન્કાર કઈ રીતે કરી શકે?

# કોઈના જીવનમાં મોકો મળે તો... 'સારથી' બનવાનો પ્રયત્ન કરવો... 'સ્વાર્થી' નહીં



**લાગણીનો મેળો**
**રસિક વાળંદ**

**છોડીને સઘળા ધર્મો, તારું જ શરણું ધર્યું,**
**તું જ સફળ પાપોથી છોડાવ મુજને, પ્રભુ!**
**- કિશોરલાલ મશરૂવાળા**

●●●

નાનપણના એ દિવસો...!!

અનરાધાર ભક્તિ નીતરતો રૂડો શ્રાવણ... સૂનાં શિવાલયો સજીવન થતાં... એકટાણાં કરવાનો શિરસ્તો... 'શ્રાવણ કર્યો છે.' એમ કહેવામાં ગૌરવ અનુભવાય!



મારા ઘર આગળ જૂની હવેલી જેવું મંદિર... એમાં સેવાપૂજા તો રાધેશ્યામની જ થાય છે. પણ... લોકજીભે તો આજેય 'રામજીમંદિર' બોલાય છે. ઠાકોરજીના નિત નવા હિંડોળા ભરાય... ભજનકિર્તન થાય... રંગત જામે... અબાલવૃદ્ધ માટે મજાના અને મોકળાશના આ દિવસો.'

જન્માષ્ટમી પૂર્વેના ચાર દિવસ તો ઉલ્લાસભર્યા ને ગમતીલા લાગે... એમાંય લાંબા સમયની પ્રતિક્ષા પછી આવતી રાંધણ છઠ તો ભારે કુતૂહલ પ્રેરક... આજની જેમ ટી.વી. ચેટનલોના 'રસોઈ શો' તો હતા જ નહી.. ચારે તરફ તળાતી વાનગીઓની સોડમ... એક નવી જુગુપ્તા જગવે... શીતળા સાતમે જુગજુના માટીના ચૂલાને આરામ મળતો... લીંપણ કરાતું... આખો દિવસ ટાઢું ખાવાનું... ધરવ થાય નહિ ને ભૂખ લાગે તો મગફળીને ગોળ... બહુ બહુ તો કાતરી કે સૂકી ભાજી ખાવા મળે... ચા-દૂધ તો ખરાં જ.... વિશેષ આનંદ તો ગોકુળ આઠમનો... ગામમાં મેળો ભરાય... રમકડાં... ફુગ્ગા... એમાંય ખાસ તો માટીનાં ઠામ-વાણસોના હકડેઠઠ જમાવડો... મોટા ભાગનો ખેડૂતવર્ગ વર્ષભરનાં માટીનાં વાસણો ખરીદવા જ આવતો... સ્ટીલના વાણસો તો બહુ મોડેથી ભાળ્યા!!

મધ્યરાત્રિએ બરાબરના બારના ટકોરે ભગવાનનો જન્મ થાય... સૌ હરખ ઘેલાં... દર્શન માત્રથી ધન્યતા અનુભવાય... આજના જેની ઝાકળમાળ નહીં... શુધ્ધ ઘીની સોડમ જેવી ભલાભોળાં હૈયામાં નીતરતી ભારોભાર ભક્તિ જોવા મળતી... નોમના દિવસે પારણાં... વહેલાં વહેલા ઊઠી પાંચ... દસ પૈસા લઈ મંદિરે દોડી જવાનું... ખાસ તો પ્રસાદ રુપે મળતી 'પંચાજીરી'ની લાલચ... પછી તો કૃષ્ણને કહેતા આવજો આવતી સાલ ઢૂંકડી !!!

આ હતી પ્રાકૃતજનોની ભલી ભોળી 'ગોકળ આઠમ'!!!

●●●

પ્રતિવર્ષ જન્માષ્ટમી ઊજવીએ છીએ ખરાં પરંતુ આપણામાં કૃષ્ણપણું પ્રગટે છે ખરું ?! કૃષ્ણને દેવ માનો... મહામાનવ માનો... કે પછી એક પ્રતીક રુપે મૂલવો. શ્રીકૃષ્ણ જગદ્‌ગુરુ છે. કામણગારો કાળિયો ઠાકર. વાને ભલે શામળો પણ કર્મો તેનાં ધવલ - ઉજ્જવલ... 'કર્ષતિ આકર્ષતિ ઈતિ કૃષ્ણઃ' - જે ખેંચે છે, આકર્ષે છે તે કૃષ્ણ. કૃષ્ણ આકર્ષનું કેન્દ્રબિંદુ છે.

કૃષ્ણ ઉપાસકના વ્યક્તિત્વમાં એવું કશુંક હોવું જોઈએ કે સહુ તમારા તરફ ખેંચાય. ખેંચવા ન પડે... આપમેળે સહજ ખેંચાય... આવું કયારે બને? જયારે નિરપેક્ષ-નિરાંકાક્ષ પ્રેમ કરતાં થઈએ ત્યારે... હૈયાના સાતમે પડદે પણ લેશમાત્ર સ્વાર્થ ન હોય... સાવ સહજ સરળ થઈ જગમાં વિહરતાં આવડવું જોઈએ... ભારમુક્ત થઈ જીવવાનું... કામનો બોજના લાગે. બાળલીલા થી રાસલીલા સુધી વિસ્તરેલું વ્યક્તિત્વ આપણને પ્રત્યેક કર્મ લીલા રુપે કરવાનું શીખવે છે... નિર્લેપભાવે બધું જ કરીએ... બધું જ સહીએ... આપણે તો ઘરેડબદ્ધ જીવી નાખીએ છીએ... કૃષ્ણનું પ્રત્યેક કર્મ જગત હિતાર્થે જ હોય... જેમાં જગતનું કલ્યાણ સમાયેલું હોય... કૃષ્ણનાં તોફાન, ગેલ-ગમ્મત, અટકચાળા કે એની પજવણી પણ મીઠી હોય... કૃષ્ણ બહુ આયામી વ્યક્તિત્વ... વર્ણનાહીત ચરિત્ર છે....

દોસ્તો, આપણામાં કૃષ્ણત્વ... કૃષ્ણપણું મહોરે તો જ અષ્ટમી ઉજવી... સફળ થઈ ગણાય... કૃષ્ણપણું મહોરવું એટલે આપણામાં એક એવું સંમોહન જગવીએ કે જયાં છીએ ત્યાં સહજ પ્રીતિ બંધાય. સહુ ભીતિથી નહિ પ્રીતીથી ભાળે... વિત્ત-વૈભવ થકી નહીં વ્યક્તિની મહત્તાનું મૂલ્ય હોય. આપણે બધા નાના ને અધુરા પણ પરમાત્માના છીએ એવું ગૌરવ સમજીએ. અપૂર્ણતામાંથી પૂર્ણતા તરફ જવા એકમેક પ્રેમ જ લઈ જઈ શકે. કૃષ્ણ આપણને પ્રેમમય થવાનું કહે છે. કોઈ પણ કામ કે કોઈનું પણ કામ હોય નર્યા આનંદથી નિભાવતાં શીખીએ... સ્વથી માંડીને સમષ્ટિ અંગેની વ્યવહાર દક્ષતા કૃષ્ણ શીખવે છે. કૃષ્ણ એટલે ભર્યું ચૈતન્ય... એને જડતા ન ફાવે... બધું પારખે ને પલટાય... એના વિશે ધારણા ન માંડી શકાય... એ જે કંઈ કરે એ માત્ર ને માત્ર જગતહિતાય... સંસારી રસ પીતાં પીતાં સંસારથી અળગા રહેવાની કલા આ નટરાજ શીખવે છે. આપણે કૃષ્ણ તો 'દિને દિને નવં નવં નમામિ નંદસંભવમ્ ।'

મિત્રો, જન્માષ્ટમી એટલે વિશ્વને ચલાવવાવાળી અલૌકિક શક્તિનો જન્મદિવસ...

સમગ્ર જગતના તત્વવેત્તાઓ જયાં અટક માંથી માર્ગદર્શન પૂરું પાડનાર શક્તિનો જન્મદિવસ...

ધર્મના રક્ષણ માટે પોતાના સ્વજનોને હણનાર એળી અનન્ય શક્તિનો જન્મદિવસ...

આવી મહાન વિભૂતિનો જન્મદિવસ કેવી રીતે ઊજવવો...!!

એને ગમતું મારું જીવન બનાવી... એના ગુણનું પૂજન કરી મારા જીવનમાં એકાદ ગુણ લાવવા કટિબદ્ધ બની સાચા અર્થમાં જ કૃષ્ણનો જન્મોત્સવ માણીએ...!!!

**સ્પર્શમણિ**

કોઈના જીવનમાં મોકો મળે તો... 'સારથી' બનવાનો પ્રયત્ન કરવો... 'સ્વાર્થી' નહીં...

●●●

મટકી ફોડમાં સૌથી ઉપર ઊભેલાંને લાગ્યું કે મટકી એણે ફોડી પણ સત્ય એ નથી એને ટોચ સુધી પહોંચાડવામાં ઘણાનો સાથ હતો... સફળતા મળે ત્યારે નીચેના સાથીઓનો સાથ કદી ના ભૂલો!!

- rasikvaland1965@gmail.com